RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 299, Dt.07-02-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભાજપમાં ભરતી મેળા પર કેન્દ્રીય મંત્રી ગડકરીનો કટાક્ષ

## સારૂ કામ કરનારને સન્માન અને ખોટુ કામ કરનારને સજા મળતી નથીઃ નેતાઓમાં વિચારધારાનું પતન લોકતંત્ર માટે ખતરનાકઃ આપણે સૌ ડાબેરી કે જમણેરી નહીં પરંતુ અવસરવાદી બની ગયા છીએ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપમાં નમુખ્ય ધારાથી અલગ ગણાતા છતા કેન્દ્રીય મંત્રી તરીકેની ૧૦ વર્ષની કામગીરીમાં સૌથી શ્રેષ્ઠ સાબીત થઈ રહેલા કેબીનેટ મંત્રી નીતીન ગડકરીએ એક સૂચક વિધાનમાં એક તરફ વિપક્ષમાંથી ભાજપમાં ભળવા માટેના ગાડરીયા-પ્રવાહની આકરી ટીકા કરી હતી.

તો બીજી તરફ એવું પણ મંતવ્ય વ્યક્ત કર્યુ કે જેઓ સારુ કામ કરે છે તેને કદી સન્માન મળતુ નથી અને જેઓ ખોટા કે ખરાબ કામ કરે છે તેને સજા પણ મળતી નથી. પોતાના વિધાનમાં બિન્દાસ અભિવ્યક્તિ માટે જાણીતા કેન્દ્રીય વાહન વ્યવહાર- માર્ગ બાંધકામ મંત્રી એ સાથોસાથ એ પણ જણાવ્યું કે આપણી ચર્ચામાં અને સંસદમાં મતભેદ એ આપણી સમસ્યા નથી પણ આપણી સમસ્યા એ વિચારોની અછત છે.

સાંસદોને સન્માનીત કરવાના એક કાર્યક્રમમાં તેઓએ આ વિચારો રજુ કર્યા હતા. તેઓએ હાલમાં જ ભાજપમાં જોડાવા માટે જે દોટ ચાલી છે. તેના પર અભિપ્રાય આપતા જણાવ્યું કે અવસરવાદી નેતાઓ હંમેશા સતાધારીપક્ષ સાથે જોડાઈ રહ્યા છે તે ચિંતાજનક છે અને નેતાઓમાં વિચારધારામાં પતન એ પણ સારી બાબત નથી એટલુ જ નહી જેઓ સારુ કામ કરે છે તેને કદી યોગ્ય સન્માન મળતુ નથી તો જેઓ ખોટા કામ કરે છે તેને કદી સજા મળતી નથી.

ગડકરીએ કહ્યું કે વિચારધારામાં દ્રઢપણે વળગી રહેનાર નેતાઓની સંખ્યા ધીમે ધીમે ઘટી રહી છે. તેઓએ કોઈનું નામ લીધા વગર કહ્યુ કે હુ હંમેશા કહું છું કે કોઈપણ પક્ષના હોય પણ સારુ કામ કરનારનું સન્માન થવું જોઈએ. તેઓએ કહ્યું કે આપણે નહી જમણેરી કે નહી ડાબેરી પણ સૌ અવસરવાદી છીએ અને સૌ સતાધારી પક્ષ સાથે જોડાઈ રહેવા માંગે છે.

## નરેન્દ્ર મોદીની ગેરંટીનો પ્રભાવ ૨૨ પીએસયુના શેરના ભાવમાં વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૪ની ચુંટણી માટે મોદીની ગેરન્ટી સાથે દેશને આગામી સમયમાં ત્રીજા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર બનાવવાની ખાતરી આપે છે અને આગામી ચુંટણીમાં ફરી એક વખત મોદી સરકાર તે નિશ્ચિત કરી રહી છે તેમાં સૌથી વધુ જાહેર સાહસોના શેરહોલ્ડરોને ફાયદો થઈ રહ્યો છે અને વડાપ્રધાનની પોલીટીકલ ગેરંટીની સીધી અસર ૫૬ મુંબઈ શેરબજારમાં લીસ્ટેડ જાહેર સાહસોના શેર પર પડયો છે અને તેની માર્કેટ વેલ્યુમાં રૂા.૫૯.૫ લાખ કરોડનો વધારો નોંધાયો છે.

# દેશના વધુ બે રાજ્યોમાં વિપક્ષમાં ભંગાણ થવાની સંભાવના

## ઈન્ડિયા ગઠબંધનમાં કોંગ્રેસને એકલી પાડી દેવાનો ભાજપનો વ્યુહ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી લોકસભા ચુંટણી પુર્વે વિપક્ષોને નિશાન બનાવીને 'ઈન્ડીયા' ગઠબંધનને તોડવામાં સફળ બનવા આગળ રહેલા ભાજપે પહેલા બિહારમાં જનતાદળ (યુ) અને રાજદની સરકારમાંથી જનતાદળ (યુ)ને અલગ કરી નીતીશકુમારને ફરી એનડીએમાં જોડી દીધા બાદ અને પ.બંગાળમાં પણ તૃણમુલ કોંગ્રેસ તથા કોંગ્રેસ વચ્ચેના જોડાણને તૂટવા પાછળનું રાજકારણ પણ રમાશે.



ભાજપે હવે મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ ભણી તોપનું નાળચુ ફેરવ્યુ છે અને આગામી દિવસમાં એક તરફ મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે જૂથ પણ અઘાડી-મહાવિકાસ ગઠબંધનમાંથી અલગ થઈ જાય અને ભાજપ-મોદીનું શરણું સ્વીકારી લે તેવા સંકેત છે તો બીજી તરફ ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પક્ષ અને રાષ્ટ્રીય લોકદળ વચ્ચેના જોડાણમાં પણ ખતરો સર્જાયો છે અને રાષ્ટ્રીય લોકદળ એ સપાથી અલગ થઈને એનડીએમાં જોડાઈ જાય તેવી શકયતા નકારાતી નથી.

મહારાષ્ટ્રમાં પહેલા શિવસેનાના શિંદેજૂથની જે રીતે અસલી શિવસેના તરીકે માન્યતા આપવામાં આવી તે જ રીતે એનસીપીમાં પણ ચુંટણીપંચ બાગી નેતા અજીત પવારને અસલી એનસીપી જાહેર કરી ચુંટણી પ્રતિક પક્ષનું નામ તેને સુપ્રત કરતા હવે શરદપવાર જૂથે પણ નવા નામ નવા પ્રતિક શોધવા પડશે પણ મહત્વનું એ છે કે આ ચૂકાદાના પગલે એનસીપીમાં પણ બીજુ ભંગાણ પડે તેવી શકયતા નકારાતી નથી.

બીજી તરફ ઉદ્ધવ ઠાકરેના સૂર પણ ફરવા લાગ્યા છે અને અમોએ કદી મોદી-ભાજપનો સાથ છોડયો નથી અમો આજે પણ સાથે જ રહેવા તૈયાર છીએ તેવા વિધાનો કરી ભાજપને સંકેત મોકલ્યો છે. માનવામાં આવે છે કે ભાજપ હવે શિંદે જૂથને પણ 'સમાધાન' માટે ફરજ પાડશે.

ખાસ કરીને મુંબઈ અને થાણે સહિતના ક્ષેત્રમાં શિવસેનાની જે તાકાત છે તે ભાજપ માટે ચિંતા છે અને તેથી હાલ ઉદ્ધવ ઠાકરેને પણ એનડીએમાં જોડી દેશે.

બીજી તરફ ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રીય લોકદળના વડા જયંત ચૌધરીનો પણ ભાજપે સંપર્ક કરી એનડીએમાં જોડાવા ઓફર કરી છે તેમના દાદા અજીત ચૌધરી અગાઉ વાજપેયી સરકારમાં મંત્રી હતા તેની યાદ અપાવીને રાજયમાં ચાર લોકસભા બેઠક ઓફર કરી છે. આમ હવે જયંત ચૌધરીનું મૌન સમાજવાદી પક્ષ માટે અકળાવનારુ બની રહ્યું છે અને ભાજપ હવે ઈન્ડીયા ગઠબંધનમાં એકલી કોંગ્રેસ જ રહે તેવા વ્યુહ સાથે આગળ વધી રહી છે.

# નજરે જોનાર સાક્ષીનું નિવેદન સજા માટે પુરતુઃ સુપ્રીમ

## હત્યાના એક કેસમાં મહત્વના નિરિક્ષણ સાથે સુપ્રીમ કોર્ટે ચાર દોષિત જાહેર થયેલ વ્યક્તિઓની આજીવન કારાવાસની સજા યથાવત રાખતા જણાવ્યું કે તબીબી અભિપ્રાય અલગ હોય તો પણ આઈ વિટનેસ જ મહત્વનો પુરાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હત્યાના એક કેસમાં મહત્વના નિરીક્ષણ સાથે સુપ્રીમકોર્ટે ચાર દોષીત જાહેર થયેલા વ્યક્તિઓની આજીવન કારાવાસની સજા યથાવત રાખતા જણાવ્યું કે આઈ-વિટનેસ નજરે જોનાર સાક્ષીનું નિવેદન સજા માટે પુરતુ છે પછી તેની જુબાની અને તબીબી અભિપ્રાય અલગ હોય તો પણ આઈ-વિટનેસને જ મહત્વ આપવું જોઈએ.



ખાસ કરીને આ કેસમાં હત્યામાં કયા હથિયારનો ઉપયોગ થયો તે આઈ વિટનેસની જુબાની અને પોસ્ટમોર્ટમ કરનાર તબીબ દ્વારા તેના રિપોર્ટમાં જે વિરોધાભાસ રજુ કર્યો હતો તેના આધારે દોષીતોએ કરેલી સજા રદ કરવાની અરજી નકારી હતી.

કર્ણાટક હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સીટી રવિકુમારની ખંડપીઠે તેવું તારણ આપ્યું હતું કે, અપીલમાં આઈ વિટનેસ નજરે જોનાર સાક્ષી કરતા પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર અપાયેલા તારણને આગળ ધરીને સજા રદ કરવાની માંગણી થઈ છે જે વ્યક્તિની હત્યા થઈ તેના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તબીબે હત્યા માટે ઉપયોગમાં લેવાયે આમ તબીબી રીપોર્ટ તથા ફરિયાદ પક્ષના રીપોર્ટ વચ્ચે સામ્યતા નથી તે મુદો ઉઠાવાયો હતો. પરંતુ નજરે જોનાર સાક્ષી-૩ અને સાક્ષી-૪ના નિવેદનો મુજબ હત્યા માટે ચોપર (મોટા ચાકુ)નો ઉપયોગ થયો હતો તેવા નજરે જોનાર સાક્ષીના નિવેદન પર ભાર મુકવો મહત્વનો છે અને તબીબી રિપોર્ટને વધુ મહત્વ આ તબકકે આપી શકાય નહી અને તબીબ જયારે એવો રિપોર્ટ આપે છે કે તમામ ઘા એક જ પ્રકારના હથિયારથી થયા છે તો પછી હથિયાર કયું હતું તે પણ મહત્વનું રહેતુ નથી.

# વીમા પોલીસી પર જીએસટી ઘટાડવા સંસદીય કમિટીની ભલામણ

## હાલ જીએસટી દર ૧૮ ટકા છે તેમાં ઘટાડો કરવા સુચન કરાયુંઃ પૂર્વ નાણાં રાજ્ય મંત્રી જયંતસિંહની અધ્યક્ષતામાં બેઠક મળી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પૂર્વ નાણા રાજયમંત્રી જયંત સિંહાની અધ્યક્ષતાવાળી એક સંસદીય કમિટીએ ભલામણ કરી છે કે ઈંસ્યોરન્સ પ્રોડકટ વિશેષરૂપે હેલ્થ અને ટર્મ ઈંસ્યોરન્સ પર જીએસટીને તર્ક સંગત બનાવવાની જરૂરીયાત છે.




અહેવાલો મુજબ કમિટીએ એ પણ સૂચન કર્યું છે કે સરકાર તરફથી ભારતીય રિઝર્વ બેન્ક વિમા ઈન્ડસ્ટ્રીની મૂડી જરૂરીયાતોને પુરી કરવા માટે ઓન ટેપ બોન્ડ જાહેર કરી શકે છે.જે ૪૦,૦૦૦ કરોડથી ૫૦,૦૦૦ કરોડ રૂપિયા પર આંકવામાં આવ્યું છે.

કમીટીએ પોતાની ભલામણોમાં કહ્યું છે કે એ વાત બહાર આવી છે કે હાઈ જીએસટી રેટના કારણે પ્રિમીમયનો રેટ વધુ થઈ જાય છે. હાલ જીએસટી દર ૧૮ ટકા છે.સમિતિએ ભલામણ કરી છે કે હેલ્થ વીમા પ્રોડકટ, ખાસ કરીને સિનિયર સિટીઝન માટે રિટેલ પોલિસીઓ અને માઈક્રો ઈન્સ્યોરન્સ પોલીસીઓ (પીએમજેએવાય) અંતર્ગત નિશ્ચિત સીમા સુધી હાલમાં ૫ લાખ રૂપિયા અને ટર્મ પોલીસી પર જીએસટી રેટને ઘટાડી શકાય છે.

સમિતિએ ભલામણ કરી છે કે ભારત સરકાર તરફથી આરબીઆઈ વીમા કંપનીઓ દ્વારા રોકાણ માટે ૪૦ વર્ષના વર્તમાન અધિકતમ સમયગાળાની તુલનામાં ૫૦ વર્ષ સુધીની વિભિન્ન મેચ્યુરીટી પીરિયડનાં ઓન-ટેપ બોન્ડ ઈસ્યુ કરી શકે છે. ભારતમાં જીડીપી વૃધ્ધિને જોતા એ અનુમાન લગાવવામાં આવ્યું છે કે ૪૦ હજાર કરોડથી ૫૦ હજાર કરોડ રૂપિયાની મૂડીની જરૂરીયાત રહેશે.

# ભારતીય નાગરિકો વિઝા વગર ઈરાનની ૧૫ દિવસની યાત્રા કરી શકશે, નિયમો બદલાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાને વિઝાની શરતોમાં ફેરફાર કરીને ભારતીય નાગરિકો માટે વિઝા સુવિધા સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. એટલે કે,ભારતીય નાગરિકો હવે માત્ર પાસપોર્ટથી જ ઈરાન જઈ શકશે, પરંતુ આ સુવિધા માત્ર ઈરાન પ્રવાસ માટે જનારાઓને જ મળશે. ઈરાનની સરકારે ચોથી ફેબ્રુઆરી ૨૦૨૪થી ભારતના નાગરિકો માટે વિઝા-મુક્ત નીતિને મંજૂરી આપી છે.




''સામાન્ય પાસપોર્ટ ધરાવતા લોકોને દર છ મહિનામાં એકવાર વિઝા વિના દેશમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે, વધુમાં વધુ ૧૫ દિવસના રોકાઈ શકાશે. જો કે,૧૫ દિવસથી અવધિ વધારી શકાતી નથી.

''વિઝા સમાપ્તિ ફક્ત તે વ્યક્તિઓને લાગુ પડે છે જેઓ પર્યટન હેતુઓ માટે ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના પ્રદેશમાં પ્રવેશ કરે છે.

''જો ભારતીય નાગરિકો લાંબા સમય સુધી રહેવા માગતા હોય અથવા છ મહિનાના ફરી એન્ટી કરવા માંગતા હોય અથવા અન્ય પ્રકારના વિઝાની જરૂર હોય, તો તેઓએ ભારતમાં ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના સંબંધિત પ્રતિનિધિત્વ દ્વારા જરૂરી વિઝા મેળવવા જોઈએ.

''આ મંજૂરીમાં ઉલ્લેખિત વિઝા માફી ફક્ત ભારતીય નાગરિકોને જ લાગુ પડે છે જેઓ માત્ર હવાઈ મુસાફરી દ્વારા દેશમાં પ્રવેશ કરે છે.

# રશિયાથી ક્રુડ ઓઈલની આયાત સતત બીજા મહિને ઘટી

## ભારતની ક્રુડ તેલની કુલ આયાતમાં રશિયાનો હિસ્સો ૨૫ ટકાથી સહેજ ઓછો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત જાન્યુઆરીમાં સતત બીજા મહિને ઘટી છે. જાન્યુઆરીમાં રશિયા ખાતેથી ક્રુડ તેલની આયાત બાર મહિનાની નીચી સપાટીએ રહી હતી. જો કે રશિયાના ક્રુડ તેલ માટેની ભારતની લાંબા ગાળા માટેની માગ જળવાઈ રહી છે.



ડિસેમ્બર તથા નવેમ્બર ૨૦૨૩માં રશિયા ખાતેથી ભારતની ક્રુડ તેલની આયાત અનુક્રમે પ્રતિ દિન ૧૩.૨૦ લાખ બેરલ અને ૧૬.૨૦ લાખ બેરલ રહી હતી જે જાન્યુઆરીમાં ઘટી ૧૨ લાખ બેરલ જોવા મળી છે એમ સમાચાર સંસ્થા પીટીઆઈએ વોર્ટેકસાના ડેટાને ટાંકીને જણાવ્યું હતું.

જો કે રશિયા ભારતનું ટોચનુ ક્રુડ તેલ પૂરવઠેદાર તરીકે ચાલુ રહ્યું છે. જાન્યુઆરીમાં ભારતની દૈનિક આયાત ૪૯.૧૦ લાખ બેરલ રહી હતી જેમાં રશિયાનો હિસ્સો ૨૫ ટકાથી સહેજ નીચો રહ્યો હતો. રશિયા બાદ પ્રતિ ૧૧ લાખ બેરલ સાથે ઈરાક ભારતનો બીજો મોટો પૂરવઠેદાર દેશ રહ્યો હતો. ડિસેમ્બરમાં ઈરાક ખાતેથી ભારતે પ્રતિ દિન ૯.૮૫ લાખ બેરલ ક્રુડ તેલ આયાત કર્યું હતું.


ભારત તેની ક્રુડ તેલની જરૂરિયાતમાંથી ૮૫ ટકા આયાત મારફત પૂરી કરે છે. સાઉદી અરેબિયા પણ ભારતનો એક મોટો પૂરવઠેદાર દેશ રહ્યો છે.રશિયા-યુક્રેન યુદ્ધ બાદ રશિયા ખાતેથી સસ્તું ક્રુડ તેલ મળવા લાગતા તેની પાસેથી ભારતની ખરીદીમાં વધારો થયો છે.

# દેશમાં મોંઘવારી ઘટી છે પરંતુ ઓછા ઉત્પાદનને કારણે ખાદ્ય પદાર્થોના ભાવ વધ્યાઃ નિર્મલા સીતારામન


## નાણામંત્રીએ કઠોળ, ડુંગળી, ટમેટાની વધતી કિંમતો અટકાવવા સરકારે લીધેલા પગલા અંગે માહિતી આપીઃ વધતા ભાવો પર અંકુશ મુકવા સરકાર દ્વારા ચણા દાળ અને ડુંગળીનું સસ્તા ભાવે વેચાણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણામંત્રી નિર્મલા સિતારમણે રાજ્યસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન માહિતી આપી છે કે, મોંઘાવારી ઘટી રહી છે અને તેનો દર RBIની નિર્ધારીત મર્યાદાની અંદર આવી ગયો છે. તેમણે કઠોળની વધતી જતી કિંમતો અંગે કહ્યું કે, ભારતમાં પુરતા પ્રમાણમાં કઠોળનું ઉત્પાદન થતું ન હોવાથી તેની સપ્લાય ઘટી છે, પરંતુ સરકાર આયાત કરી કઠોળનો પુરવઠો વધારી રહી છે.







રાજ્યસભામાં AIADMKના સાંસદ એમ તંબી દુરાઈએ નાણામંત્રીને પ્રશ્ન કર્યો કે, કેન્દ્ર સરકારે કઠોળ, શાકભાજી અને મસાલાની મોંઘવારી અટકાવવા શું પગલા લીધા? જેના જવાબમાં તેમણે કહ્યું કે, મોંઘવારી ઘટી રહી છે અને છુટક મોંઘવારી દર RBIએ નિર્ધારીત કરેલ મર્યાદાની અંદર આવી ગઈ છે. સરકારે મોંઘવારી અટકાવવા અને ચીજવસ્તુઓની સપ્લાય વધારવા ઘણા પગલા લીધા છે.

સીતારમણે વધુમાં કહ્યું કે, 'ભારતમાં પુરતા પ્રમાણમાં કઠોળનું ઉત્પાદન થતું નથી, જેના કારણે તેની કિંમતો (ડીહતયત ડશિભય)માં વધઘટ થઈ રહી છે. સરકાર પાકના અંદાજ મુજબ આયાત કરવા કરાર કરે છે. સરકારે ૨૦૨૩માં ૮.૭૯ લાખ મેટ્રીક ટન તુવેર તાળની આયાત કરી છે. આ ઉપરાંત ૧૫.૧૪ લાખ મેટ્રીક ટન મસુર દાળની પણ આયાત કરી છે. આ જ રીતે અન્ય કઠોળની પણ આયાત કરી બજારમાં જારી કરવામાં આવી છે.'

નાણામંત્રીએ કહ્યું કે, સરકાર ૬૦ રૂપિયે કિલો ચણા દાળ વેચી રહી છે અને ૫૫ રૂપિયે પ્રતિ કિલોમાં ૩૦ કિલોની બેગ વેચી રહી છે. ૩૦ જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં ૨.૯૭ મેટ્રીક ટન ચણા દાળનું વેચાણ કરાયું છે. આ ઉપરાંત રિટેલ માર્કેટમાં પણ સસ્તા ભાવે ચણા દાળ ઉપલબ્ધ છે. મોંઘી ડુંગળીમાં રાહત આપવા મુદ્દે તેમણે કહ્યું કે, સરકારે ૩ ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીમાં ૩.૯૬ લાખ મેટ્રીક ટન ડુંગળીનો જથ્થો બજારમાં જારી કર્યો છે અને ૨૫ રૂપિયા કિલો (ઘક્ષશજ્ઞક્ષ ડશિભય)ના ભાવે વેચાણ કરી રહી છે. ડુંગળીની વધતી જતી કિંમતો પર અંકુશ લાદી શકાય તે માટે આયાતના નિયમો પણ બદલાયા છે. સરકારે ટામેટાની કિંમતોને અંકુશમાં રાખવા માટે પણ પગલા ભર્યા છે. વધતી કિંમતો અંગે સરકારની કમિટી સતત સમીક્ષા કરતી રહે છે અને તેના પરિણામે મોંઘવારી દર નિર્ધારીત મર્યાદાની અંદર આવી ગયો છે.

ઉલ્લેખનિય છે કે, શાકભાજી સહિત ખાદ્ય વસ્તુઓની કિંમતોમાં ઉછાળાના કારણે ડિસેમ્બર-૨૦૨૩માં છૂટક મોંઘવારી દર ૫.૬૯ ટકા અને ખાદ્ય મોંઘવારી દર ૯.૫૩ ટકા નોંધાયો હતો, જયારે નવેમ્બર-૨૦૨૩માં ખાદ્ય મોંઘવારી દર ૮.૭૦ ટકા હતો. ડિસેમ્બરમાં કઠોળની કિંમતોમાં ૨૦.૭૩ ટકાનો વધારો, જ્યારે શાકભાજીમાં ૨૭.૬૩ ટકાનો વધારો નોંધાયો હતો.

# જામનગર પંથકમાં દેશી દારુની ભઠ્ઠીઓ પર દરોડા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પંથકમાં દેશી-વિદેશી દારુ અંગે પોલીસના દરોડા યથાવત રહયા છે, જુદા જુદા વિસ્તારોમાં દેશી અંગે દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી જેમાં જગા સીમ, ચેલા ગામ, વેરાવળ વાડી વિસ્તાર, જામજોધપુર તથા દરેડ વિસ્તારનો સમાવેશ થાય છે, આ દરોડામાં દેશી દારુ બનાવવાની ભઠ્ઠીના સાધનો, આથો અને દેશી દારુ કબ્જે કરાયો હતો.જામનગર તાલુકાના જગા ગામમાં રહેતા હિતેન્દ્રસિંહ બચુભા જાડેજા નામનો શખ્સ ડેમ કાંઠે દેશી દારુની ભઠ્ઠી ચલાવે છે એવી બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડી ૨૦૦ લીટર આથો, દારુ બનાવવાના ૨૧૦૦ની કિંમતના સાધનો જપ્ત કર્યા હતા આરોપી ભાગી ગયો હતો.જામનગર તાલુકાના જગા ગામમાં રહેતા હિતેન્દ્રસિંહ બચુભા જાડેજા નામનો શખ્સ ડેમ કાંઠે દેશી દારુની ભઠ્ઠી ચલાવે છે એવી બાતમીના આધારે એલસીબીની ટુકડીએ દરોડો પાડી ૨૦૦ લીટર આથો, દારુ બનાવવાના ૨૧૦૦ની કિંમતના સાધનો જપ્ત કર્યા હતા આરોપી ભાગી ગયો હતો.

બીજા દરોડામાં જામનગર નજીક ચેલા ગામ પાસે દેશી દારુ અંગેની બાતમી મળતા એલસીબીએ દરોડો પાડયો હતો જેમાં ૬૦ લીટર આથો, ૧૯ લીટર દારુ, ભઠ્ઠીના સાધનો કબ્જે કરી મુળ રાજસ્થાન અને હાલ ચેલા-૨ સીએનજી પંપ પાસે રહેતા શિવરાજસિંહ ગુમાનસિંહ શેખાવતને પકડી લીધો હતો, જયારે ચેલા-૨ના અરુણાબા હેમતસિંહ ભટ્ટી, જયદિપસિંહ રણજીતસિંહ ભટ્ટી, વિમલસિંહ બહાદુરસિંહ કેરની સંડોવણી સામે આવી હતી, આ તમામની સામે પ્રોહી મુજબ પંચ-બીમાં ફરીયાદ કરવામાં આવી હતી.આ ઉપરાંત જામજોધપુરના વેરાવળ ગામની જાંબુડી વાડી વિસ્તારમાં રહેતા ઇમરાન આમદ રાવકરડાને ત્યાંથી ૪૦ લીટર દેશી દારુ અને ૧૦૦ લીટર આથો મળી આવ્યો હતો, જયારે આરોપી ફરાર થઇ ગયો હતો તેમજ જામજોધપુરના બસ સ્ટેન્ડ પાસે રહેતા વરજાંગ ઉર્ફે પોલો કેશુ હરીયાણીને ૪ લીટર દેશી દારુ સાથે દબોચી લીધો હતો.અન્ય એક દરોડામાં જામનગરના ગ્રીનસીટી વિસ્તારમાં આવેલ મંગલધામ સોસાયટીમાં રહેતા ભોલાસિંહ રામનંદનસિંહ પટેલ નામના શખ્સને ઇંગ્લીશ દારુની એક બોટલ સાથે દરેડ બસ સ્ટેન્ડ રોડ પરથી પોલીસે પકડી લીધો હતો.

# લાલપુરના ગોવાણા ગામમાં ખુલ્લા બોરવેલમાં ફસાયેલો બાળક રાજ આખરે જિંદગીનો જંગ જીતી ગયો

## ફાયર બ્રિગેડ તથા અન્ય તંત્રની ૯ કલાકની અથાગ મહેનતને લઈને રેસ્ક્યુ કામગીરી આખરે સફળ પુરવાર થઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર નજીક લાલપુર તાલુકાના ગોવાણા ગામે ખેતરમા ખેત મજૂરી કરતા મજૂર પરિવારનો રાજ નામનો બે વર્ષનો બાળક ત્યાં આવેલા ૧૨ ફૂટ ઊંડા બોરવેલ અચાનક ખબક્યો હતો, આં ઘટના બાદ ગોવાણા ગામના ગ્રામજનો ત્યાં એકઠા થયાં હતા અને બાળકને બચવવાના પ્રયાસો હાથ ધર્યા હતા ત્યાર બાદ કાલાવડ અને જામનગર ફાયર તંત્રને જાણ કરવામાં આવી હતી, બચાવકર્તાઓની ટીમે ગોવાણા ગામમાં બાર ફૂટ ઊંડા બોરમાં ફસાયેલા બાળકનું જીવન સફળતાપૂર્વક બચાવ્યું. ઓપરેશન 'રાજ' તરીકે ઓળખાતું બચાવ કાર્ય નવ કલાક સુધી ચાલ્યું હતું, પરંતુ બચાવકર્તાઓની મક્કમતા અને ગ્રામજનોના અતૂટ નિશ્ચયના પરિણામે આખરે સુખદ અંત આવ્યો. રેસ્ક્યુ ઓપરેશનમાં જામનગર ફાયર ટીમના રાકેશ ગોકાણી અને કામિલ મહેતા સહિત રિલાયન્સ ફાયરની ટીમ સામેલ હતી, જેમણે બચાવ પ્રયાસોમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની સાથે પોલીસ કાફલો અને વહીવટી તંત્ર તેમજ ૧૦૮ ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે ફસાયેલા બાળકની સલામતી સુનિશ્ચિત કરવા માટે અથાક મહેનત કરી હતી. બચાવની સુવિધા માટે, બોરવેલની નજીક એક સમાંતર ખાડો ખોદવામાં આવ્યો હતો, જે બાળક માટે જીવનરેખા પ્રદાન થઈ.૧૦૮ ટીમે બાળકને મહત્વપૂર્ણ ઓક્સિજન પુરવઠો પહોંચાડવામાં વ્યવસ્થાપિત કરી, સમગ્ર અગ્નિપરીક્ષા દરમિયાન તેનું અસ્તિત્વ સુનિશ્ચિત કર્યું. કાલાવડ અગ્નિશમન વિભાગ અને જામનગર જિલ્લા વહીવટીતંત્રે કેન્દ્ર સ્થાને લેતા સ્થાનિક અધિકારીઓ દ્વારા બચાવ પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી. જિલ્લા એસપી પ્રેમસુખ ડેલુ અને તેમની પોલીસ ટીમ ઘટનાસ્થળે હાજર રહી, બચાવ કામગીરીને એકીકૃત રીતે સંકલન કરી રહી હતી. કૃતજ્ઞ ગ્રામજનોએ બાળકને બચાવવા માટે એકસાથે આવેલા સમગ્ર તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. બાળકના માતા-પિતા, રાહતથી અભિભૂત, સામેલ દરેકનો તેમનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કર્યો. મજૂર વર્ગના બાળક રાજ તાત્કાલિક તબીબી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.. જામનગરની જી.જી હોસ્પિટલ ખાતે બાળરોગ વિભાગના નિષ્ણાત ડોક્ટરોની ટીમ સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે, અને તબીબી વ્યાવસાયિકોએ ખાતરી આપી છે કે બાળક હવે સુરક્ષિત છે. આ સાહસિક બચાવ કામગીરી પ્રતિકૂળ પરિસ્થિતિમાં સંકલન અને એકતાની શક્તિના પુરાવા તરીકે કામ કરે છે. તે એક રીમાઇન્ડર છે કે દરેક જીવન મૂલ્યવાન છે, અને સામૂહિક પ્રયાસોથી, ચમત્કારો થઈ શકે છે. ગોવાણા ગામ રાજના સફળ બચાવની ઉજવણી કરે છે, આ ઘટના દરેક માટે જાગ્રત રહેવા અને ભવિષ્યમાં સમાન અકસ્માતો ટાળવા માટે જરૂરી સાવચેતી રાખવા માટે એક રીમાઇન્ડર તરીકે સેવા આપે છે.

# મોરબીનાં સેવાભાવી અને રાષ્ટ્રભક્ત અજયભાઈ લોરિયા દ્વારા બસ સ્ટેન્ડ સામે આવેલ પ્રતિમાઓની સાફ સફાઈ કરાઈ




**મુખ્ય સમાચાર, મોરબી**

ઘરની સફાઈ કરવી એ ખૂબ જરૂરી હોય છે.કારણ કે સાફ અને સ્વચ્છ ઘર બધાને ગમતું હોય છે. ત્યારે મોરબી જિલ્લા પંચાયતના સહકાર, ઉત્પાદન-સિંચાઈ સમિતિના ચેરમેન અને સેવા એજ સંપતિ ફાઉન્ડેશનના અજયભાઈ લોરિયા દ્વારા ઘરની સફાઈની જેમ જ દેશને આઝાદી અપાવવામાં જેનો મોટો ફાળો રહેલો છે તેવા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની અને ક્રાંતિકારીઓની નવા બસ સ્ટેન્ડ સામે આવેલ પ્રતિમા પાસે સાફ સફાઈ કરી હતી. અજયભાઈ લોરિયા દ્વારા જણાવવા આવ્યું હતું કે, મારા ઘરનું આંગણું સ્વચ્છ રહેતું હોય તો દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ કે દેશના ક્રાંતિવીરોનું આંગણું કેમ સ્વચ્છ નઈ ? આ વિચાર સાથે તેમના દ્વારા મોરબી બસ સ્ટેન્ડ સામે આવેલ સ્ટેચ્યુની સાફ સફાઈ કરવામાં આવી હતી. અને આમ કરી તેઓએ માં ભારતીનું ઋણ ચૂકવ્યું હોવાનું તેમના દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ગાંધીનગરમાં પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે વરિષ્ઠ અગ્રણીઓનું માર્ગદર્શન મેળવતા બ્રિજેશ મેરજા



**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** ગાંધીનગર પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે રાષ્ટ્રીયમંત્રી અલકાબેન ગુજજર અને આદરણીય સંગઠન મહામંત્રી રત્નાકરજી સાથે મુલાકાત કરી વિવિધ સંગઠનાત્મક મુદ્દાઓ વિશે પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજા એ માર્ગદર્શન મેળવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય રહેશે કે તાજેતરમાં તેમને ભાવનગર લોકસભા બેઠકના પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે તે અંતર્ગત પણ ચર્ચા કરવામાં આવેલી, તદુપરાંત વિકસિત ભારત સંકલ્પ યાત્રાના પ્રદેશ ઇન્ચાર્જ તરીકેની જવાબદારી પણ બ્રિજેશ મેરજા વહન કરી રહ્યા છે ત્યારે બીજા તબક્કાના તારીખ ૬ ફેબ્રુઆરી થી ૨૫મી ફેબ્રુઆરી સુધીના વિકસિત ભારત સંકલ્પ યાત્રા ના આયોજન અંગે પણ આ મહાનુભાવો સાથે વિગતે ચર્ચા કરી આ યાત્રા દરમિયાન વધુ ને વધુ લાભાર્થીઓને આ શ્રી મોદી સાહેબની ગેરંટી વાળી ગાડીનો લાભ મળે તે બાબતે પણ વિસદ્ ચર્ચા કરવામાં આવેલી. આમ બ્રિજેશ મેરજા સતત સક્રિય રહીને કામગીરી કરી રહ્યા છે.


# મોરબીની શકત શનાળા કુમાર શાળાના વિદ્યાર્થીઓને મળેલ નાણાં ટ્રાફિક પોલીસે મૂળ માલિકને પરત કર્યા



**મુખ્ય સમાચાર, મોરબી**

શકત શનાળા કુમાર શાળાના વિદ્યાર્થી ઓને ચાર પાંચ દિવસ પહેલા રૂ. ૯૯૪૦ મળેલ હતા. જે રૂપીયા સ્કુલ સામે ટ્રાફીક પોલીસ ઇન્સ્પેક્ટર વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ ટ્રાફીક કલીયરીંગની કામગીરીમાં વ્યસ્ત ડીબી ઠકકર- પોલીસ સબ ઇન્સ્પેક્ટર તેમજ હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહને આપતા તેઓએ અલગ અલગ અખબારના માધ્યમથી પડી ગયેલ રૂપિયા પુરાવા સાથે ટ્રાફિક શાખાનો સંપર્ક કરવાનું કહેતા શકત શનાળા ગામના દિનેશભાઈ ઠાકર ઉંમર વર્ષ ૭૬ વાળાએ ફોન દ્વારા પડી ગયેલ રૂપિયા પોતાના હોવાનું જણાવતા તેઓને શકત શનાળા સ્કૂલ ખાતે બોલાવી ખરાઈ કરી સ્કૂલનાં પ્રિન્સીપાલ રેણુકાબેન અને રાજેશભાઈની હાજરીમાં કુલ રૂપિયા ૯૯૪૦ પરત કર્યા હતા. ત્યારે રૂપિયા પરત મળતાં દિનેશભાઇએ સ્કૂલનાં ઈમાનદાર વિદ્યાર્થીઓ, ટ્રાફિક પોલીસના કર્મીઓ, મોરબીના પત્રકાર મિત્રો તેમજ સ્કૂલનાં પ્રિન્સીપાલ સહિત તમામનો આભાર માન્યો હતો.

# હાપા માર્કેટિંગ યાર્ડની વેપારી વિભાગની ચુંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો વિજય



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર હાપા માર્કેટિંગ યાર્ડની વેપારી વિભાગની ચુંટણીમાં ભાજપા પ્રેરિત પેનલનો વિજય કોટેચા હિરેન , ભંડેરી સંજય , મહેતા વિરેશ તથા સાવલિયા જયેશ વિજેતા.જામનગર માર્કેટીંગ યાર્ડની ૧૪ બેઠકો માટે ચૂંટણી યોજાયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તમામ ૧૪ બેઠકો પર ભાજપ સમર્થિત પેનલનો વિજય થયો હતો. જ્યારે સામે કોંગ્રેસ અને આપ સમર્થિત પેનલે કારમી હારનો સામનો કરવાનો વારો આવ્યો હતો.હાથ ધરાયેલી મતગણતરીમાં ખેડૂત વિભાગની પેનલમાં ભાજપ સમર્થિત પેનલે તમામ ૧૦ બેઠકો કબજે કરી હતી. જેમાં પૂર્વ સાંસદના પુત્ર કોરડીયા વિપુલ ચંદ્રેશભાઇ ૬૦૪ મત મળ્યા,છૈયા અશ્વિનભાઈ વિનોદભાઈ ૬૨૫ મત મળ્યા,જાડેજા ઉમેદસંગ ભવાનસંગ ૫૮૯ મત મળ્યા, જાડેજા પ્રદ્યુમનસિંહ માલુભા ૬૧૬ મત મળ્યા, ઝાલા જયપાલસિંહ પ્રવિણસિંહ ૬૧૦ મત મળ્યા,પરમાર જીતેનભાઈ કરસનભાઈ ૫૭૯ મત મળ્યા, ભીમાણી દયાળજીભાઈ મોહનભાઈ ૬૧૦ મત મળ્યા, ભંડેરી જમનભાઈ ડાયાભાઈ ૬૦૦ મત મળ્યા, સભાયા મુકુંદભાઈ ખોડાભાઈ ૫૯૫ મત મળ્યા, સોજીત્રા ચંદ્રેશભાઇ રામજીભાઈ ૫૯૮ મત મળ્યા.જામનગર અડ્ખઈની ચૂંટણીમાં વેપારી વિભાગની ૪ બેઠકો માટે વેપારી વિભાગનું ૧૦૦ ટકા મતદાન થયું હતું. જેમાં વેપારી વિભાગમાં કોટેચા હિરેન વિજયભાઈ (૭૩)મતો મળ્યા, ભંડેરી સંજય જગદીશભાઈ ને (૭૬) મત મળ્યા ,મહેતા વીરેશ મનસુખલાલ ને (૭૭) મત મળ્યા અને સાવલિયા જયેશ રતિલાલ ને (૬૧) મતમળ્યા હતા.જ્યારે જામનગર માર્કેટિંગ યાર્ડ આપવાની ૧૪ બેઠક ની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો ભવ્ય વિજય થયો ત્યારે સામે પક્ષમાંથી આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પ્રેરિત ઉમેદવારોની કારમી હાર થઈ હતી.જામનગર માર્કેટિંગ યાર્ડ હાપમા આ વખતે આમ આદમી પાર્ટી અને અને કોંગ્રેસ પાર્ટી પ્રેરિત પેનલ ચૂંટણી જંગમાં લડી હતી અને જંગ રોચક બન્યો હતો. જ્યારે ભાજપના જ બે બગાવતીઓ તેમાં જોડાયા હતા. ત્યારબાદ કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ, પ્રભારી મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા ભાજપ પ્રમુખ રમેશ મુંગરા, સાંસદ પૂનમ માડમ અને પૂર્વ સાંસદ ચંદ્રેશ પટેલની વ્યુહરચના ઘડી હતી અને જામનગર માર્કેટિંગ યાર્ડ હાપામાં ભાજપનો ભગવો લહેરાયો હતો અને ૧૪ બેઠકો પર અત્યાર સુધીની ઐતિહાસિક જીત મેળવી હતી. તેમજ જામનગર માર્કેટિંગ યાર્ડ હાપામાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ નો દબદબો યથાવત રહ્યો અને ફરી ભાજપ પ્રેરિત પેનલની ભવ્ય વિજયમાં સિંહ ફાળો રહ્યો છે.

# જામનગરના બર્ધનચોક વિસ્તારમાં ત્રણ માળના ગેરકાયદે બાંધકામને પોલીસ બંદોબસ્ત સાથે તોડી પડાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના અતિ ગીચ ગણાતા બર્ધનચોક વિસ્તારમાં ત્રણ માળનું ગેરકાયદે બાંધકામ ખડકી દેવાયાની મનપાને જાણ થતા આજે મનપાની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે બાંધકામ તોડી નાખવામાં આવ્યું હતું.જામનગર શહેરના બર્ધન ચોક વિસ્તારમાં આવેલ ત્રણ માળના ગેરકાયદેસર બનાવેલ બાધકામને તોડી પાડવા મહાનગરપાલિકા દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના બર્ધન ચોક વિસ્તારમાં રિક્ષા સ્ટેન્ડ નજીક કાનુડા મેટલ્સ નામની દુકાનની બાજુમાં મહાનગરપાલિકાની વિકાસ પરવાનગી મેળવ્યા વગર અનઅધિકૃત રીતે ગેરકાયદેસર ત્રણ માળના મકાનનું બાંધકામ કરવામાં આવ્યું હોવાનું મહાનગરપાલિકાના ધ્યાન પર આવતા આ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા વહિવટી તંત્રએ કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખાના કંટ્રોલીંગ અધિકારી નીતિન દીક્ષીત, એસ્ટેટ શાખા ની પાડતોડ વિભાગના સુનિલ ભાનુશાળી તેમજ તેમની ટીમે પાડતોડ.શરૂ કરતા આ વેળાએ વેપારીઓના ટોળા એકઠા થયા હતા.પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો છે.

# "આર્યભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર-મોરબી દ્વારા વાંકાનેરમાં વિજ્ઞાનનાં પ્રયોગોનો કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નાં અનુસંધાને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા માન્ય "આર્ય ભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન મંથ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.



"આર્યભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર-મોરબી દ્વારાં સી.કે. શાહ પ્રાથમિક વિદ્યાલય વાંકાનેર ખાતે વિજ્ઞાનનાં સિધ્ધાંત આધારિત વિવિધ પ્રયોગો રોકેટ વિજ્ઞાન તથા રમતા રમતા વિજ્ઞાન જેવા પ્રયોગો સ્કૂલનાં વિધાર્થીનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો.

આ પ્રોગ્રામ ને સફળ બનાવવા સ્કૂલ નાં ટ્રસ્ટીઓ તથા આચાર્યા ત્રિવેદી તથા મમતાબેન પંડ્યા તેમજ શિક્ષકશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ એ કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. "આર્યભટ્ટ" લોક વિજ્ઞાન કેન્દ્ર-મોરબી તરફ થી દિપેનભાઈ ભટ્ટ દ્વારા સફળ રજુઆત કરાઈ હતી.

# મોરબી ભાજપ કાર્યાલય ખાતે શક્તિવંદના મહિલા સ્વયં સહાયતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

આ કાર્યક્રમમાં NGO સાથે સંપર્ક , વીઓ ની ચાય પે ચર્ચા, નમો એપ ડાઉનલોડ અને નમો એપ એમ્બેસેડર બનાવવા તેમજ સરલ એપ ડાઉનલોડ કરવી વિગેરે કાર્યક્રમનું આયોજન મોરબી શહેર મહિલા મોરચાના પ્રમુખ અલ્પાબેન કક્કડના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું .

તેમાં ઉપસ્થિત મોરબી જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ભાવનાબેન કૈલા તેમજ મહામંત્રી નિર્મળાબેન હડીયલ તેમજ કિશાન મોરચાના ઉપપ્રમુખ ભાણજીભાઈ વરસડા તેમજ ભાજપ શહેર પ્રમુખ લાખાભાઈ જારીયા, મહામંત્રી ભાવેશભાઈ કણઝારીયા, રીશીપભાઈ કૈલા, તેમજ રોહીતભાઈ સોનગ્રા, કેવિનભાઈ શાહ તેમજ શહેરના તમામ હોદેદાર ભાઈઓ અને બહેનો તેમજ મહીલા મોરચાની ટીમ, સખી મંડળ, એન.જી.ઓ, વીઓની તમામ બહેનોની ટીમ વિગેરેએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન મોરબી મહિલા મોરચાના મહામંત્રીશ્રી જયશ્રીબેન વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સ્પોર્ટ્સ ઓથોરિટી ગુજરાત દ્વારા સંચાલિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી રમા કે.મદ્રાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ખેલ મહાકુંભ ૨.૦ અન્વયે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર જિલ્લા કક્ષાની ભાઈઓની કબડ્ડીની સ્પર્ધા ડી.સી.સી. સ્કૂલ ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ૨૪ જેટલી ટીમ સહભાગી બની હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્પોર્ટ્સ કો-ઓર્ડીનેટર અજયસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5, CORNER, DEEPAK SOCIETY, Nr. KANAIYA CHOWK, RAIYA ROAD, RAJKOT-360007 GUJARAT** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# વિદ્યાર્થીની સુરક્ષા અને અન્ય મુદ્દાને લઈ એબીવીપીએ કર્યો હલ્લાબોલ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હંમેશા કોઈને કોઈ વિવાદને લઈ ચર્ચામાં રહેછે ફરી એક્વાર વિદ્યાર્થીઓની સુરક્ષા સહિતના પ્રશ્ને આજે એબીવીપી દ્વારા યુનિ.ખાતે ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આજે યુનિ.ખાતે એબીવીપી કાર્યકરો દ્વારા પીએચડી પરીક્ષા સહિતના અગિયાર મુાઓને લઈ વિરોધ પ્રદર્શન કરાયું હતું. વીસીની ચેમ્બરમાં જતા પહેલા કાર્યકરોને પોતાના મોબાઈલ બહાર મૂકીને જવાનું કહેતા બબાલ મચી જવા પામી હતી. ચેમ્બરની બહાર જ એબીવીપીના કાર્યકરોએ અડીંગો જમાવી સુત્રોચાર ર્ક્યા હતા.

## વાંકાનેરના પ્રતાપગઢ ગામ નજીક નજીવી બાબતે ત્રણ શખ્સોનો પ્રૌઢ ઉપર હુમલોઃ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


વાંકાનેર તાલુકાના પ્રતાપગઢ ગામમાં આહોર તરીકે ઓળખાતા વિસ્તારમાં માલઢોર ચરાવવા બાબતે ત્રણ શખ્સો દ્વારા પ્રૌઢ ઉપર ત્રણ શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં પ્રૌઢ સહીત બે વ્યકિતને લાકડી તથા ઢીકાપાટુનો માર મારવામાં આવી જાનથી મારી નાખવાની ધમકી આપતા ભોગ બનનાર પ્રૌઢ દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ત્રણેય શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના પ્રતાપગઢ ગામે રહેતા ધનાભાઈ ખેંગારભાઈ ફાંગલીયા ઉવ.૫૫ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ત્રણ આરોપી વિહાભાઈ સતાભાઈ પાંચીયા, શૈલેશભાઈ હિરાભાઈ પાંચીયા તથા જયેશભાઈ વિહાભાઈ પાંચીયા રહે બધા પાંચ દ્વારકા તા.વાંકાનેર જી.મોરબી વિરુદ્ધ ફરિયાદ લખાવી જાહેર કર્યું કે ગત તા.૦૩/૦૨ના રોજ બપોરના અરસામાં પ્રતાપગઢ ગામમાં આહોર તરીકે ઓળખાતા વિસ્તારમાં રહીમભાઈ નુરમકમદભાઈની વાડીની બાજુમાં ધનાભાઇ માલઢોર ચરાવતા ઉપરોક્ત ત્રણેય આરોપીઓને માલઢોર ચરાવવા માટે સમજાવવા જતા જે બાબતે આરોપીઓને સારું નહિ લાગતા આરોપી વિહાભાઈએ પોતાના પાસે રહેલ લાકડીથી ધનાભાઇને ઇજા પહોંચાડી હતી. ત્યારે ધનાભાઇને બચાવવા વચ્ચે આવેલ જીવણભાઈને આરોપી ત્રણેય શખ્સો દ્વારા ઢીકાપાટુનો માર મારી લાકડીઓ ફટકારવામાં આવી ધનાભાઇ અને જીવણભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુન્હો નોંધી આરોપીઓની અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે.

## શુક્રવારે સ્ટેન્ડીંગ કમીટીની બેઠકઃબજેટ પર મ્હોર લગાવાશે

### ચૂંટણી વર્ષમાં કોઈપણ વેરો પ્રજા પર નખાશે નહીં તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, રાજકોટ**



આગામી તા.૯ના રોજ સ્ટેન્ડીંગ કમીટીની બેઠક મળી રહી છે. જેમાં મ્યુ.કમિશનર દ્વારા સોંપાયેલા બજેટ પર અંતીમ મ્હોર લગાવાશે નોંધનીય છે કે તંત્ર દ્વારા નવા નાણાકીય વર્ષ માટે ૨૮૧૭૮૦.૯૧ કરોડનું બજેટ રખાયું છે. ગઈકાલે બજેટ પર અંતીમ ચર્ચા સ્ટેન્ડીંગ ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષત્તામાં સભ્યોએ કરી હતી.

આ વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર પ્રજા પર ગાર્બેજ,પાણી,નામ ટ્રાન્સફર સહિતની ફીમા વધારો સૂચવાયો છે તે ફગાવી દેવાશે તેવી સંભાવના છે. અંદાજ પત્ર ઉંડા અભ્યાસ બાદ જયમીન ઠાકર દ્વારા કેટલીક યોજના પર દરખાસ્ત મૂકાઈ હતી. વધુમાં શુક્રવારે મળનારી સ્ટેન્ડીંગની બેઠક બાદ ત્યાર પછીની બેઠક સેન્ટ્રલ ઝોનને બદલે રામવનમાં યોજવા પર વિચારણા કરવામાં આવી છે. નોંધનીય બાબત એછે કે રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા ભૂતકાળમાં શાસકો દ્વારા રાજકોટ જિલ્લા પંચાયતના બદલે જિલ્લાના અન્ય સ્થળો પર બેઠક બોલાવવામાં આવી હતી.

## મોરબીમાં કબીર ટેકરી નજીકથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા એક ઝડપાયો,એકનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની કબીર ટેકરી શેરી નં.૧ માં જાહેરમાં નસીબ આધારિત રૂપિયાની હારજીતનો વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા સલીમભાઇ મુબારકભાઈ ચાનીયા ઉવ.૪૯ રહે. કબીર ટેકરી શેરી નં.૧ ની અટક કરવામાં આવી હતી. પોલીસે આરોપી પાસેથી જુગાર રમવાના વર્લી મટકાના આકડાનું સાહિત્ય સહીત રોકડા રૂ.૭૫૦/- કબ્જે લીધું હતું. આ સાથે પકડાયેલ આરોપીની પ્રાથમિક પૂછતાછમાં અન્ય આરોપી દિપકભાઈ રહે.વાવડી રોડ પાસે વર્લી ફિચર્સના આંકડાઓ લખી તેનું કપાત કરાવતો હતો. જેથી મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબીના લખધીરપુર નજીક કેનાલમાં ડૂબી જતાં પિતા – પુત્રના મોત

### પરિણીત યુવક અને યુવતીએ પ્રેમમાં ઘર છોડી મોરબીમાં મજૂરી કરતા હોય પરિવારજનો શોધવા આવ્યા બાદ બન્નેએ કેનાલમાં ઝંપલાવ્યું : પુત્રને બચાવવા પડેલા પિતા ડૂબી ગયા, પરિણીત યુવતી બચી ગઈ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**





**મોરબી :** પ્રેમમાં પાગલ બનેલા જામનગરનોયુવક અને અમદાવાદની યુવતીએ સંતાનો હોવા છતાં પણ ઘર છોડી દઈ મોરબીમા સાથે રહી મજૂરી કામ કરતા હોવાની જાણ થતા યુવકના પિતા બન્નેને શોધવા આવતા સમાજ એક નહિ થવા દે તેવી બીકે પ્રેમી યુગલે લખધીરપુર રોડ ઉપર કેનાલમાં ઝંપલાવી દેતા યુવકના પિતાએ પણ બન્ને બચાવવા કેનાલના ઝંપલાવતા પિતા પુત્રના મૃત્યુ નિપજયુ હતું. જ્યારે પરિણીત યુવતી બચી જતા હાલમાં મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાઇ છે.

ફિલ્મી પ્રેમ કહાની જેવા કિસ્સામાં જામનગરના ગુલાબનગરમા રહેતા એક સંતાનના પિતા કિશન ભરતભાઇ લકુમ ઉ.૨૨ નામના યુવકને અમદાવાદ રહેતી નેહા વિક્રમભાઈ નામની એક સંતાનની માતા સાથે પ્રેમ સંબંધ બંધાઈ જતા બન્ને પરિણીત પ્રેમી યુગલે ઘર છોડી દઈ મોરબીના લખધીરપુર રોડ ઉપર કારખાનામાં સાથે રહી મજૂરી કરી રહેતા હતા.

બીજી તરફ યુવકના પિતા સહિતના પરિવારજનોને પ્રેમીયુગલ મોરબી નજીક હોવાની જાણ થતા તેઓ પુત્રને શોધવા મોરબી આવ્યા હતા અને બન્નેને શોધી કાઢી સાથે લઈને જતા હતા ત્યારે પ્રેમીયુગલે સમાજ એક નહિ થવા દે તેવા ડરથી લખધીરપુર રોડ ઉપર એન્ટિક સિરામિક સિરામિક સામે કેનાલમાં ઝંપલાવતા કિશનના પિતા ભરતભાઇ જેસિંગભાઈ લકુમે પણ પુત્ર અને યુવતીને બચાવવા ગઈકાલે સાંજે કેનાલમાં કૂદી પડતા અન્ય લોકોએ નેહા વિક્રમભાઈ નામની યુવતીને બચાવી લીધી હતી જ્યારે કિશન અને તેના પિતા ભરતભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.બનાવ અંગે હાલમાં મોરબી તાલુકા પોલીસે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ભાયાવદરમાં મરણ પથારીએ પડેલું મુક્તિધામ

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**


ભાયાવદરમાં આવેલું અંતિમધામ અતિ દયનિય હાલત પર આવી ગયું છેઅને સ્મશાન ખુદ મરણ પથારી પર હોય તેવું ચિત્ર સામે આવીને ઉભું છે. મોતનો પણ મલાજો ન જળવાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

શહેરના રૂપાવટી નદીના કાંઠે આવેલું અંતિમધામ આજથી ૯ વર્ષ પહેલાં સરકારની કૈલાસધામ બનાવવાની ગ્રાન્ટમાંથી તૈયાર થયું હતું. જે તે વખતે આવેલી ગ્રાન્ટ અપુરતી હોવાથી પાલિકાના સત્તાધિશોએ લોકોને ટહેલ નાખી. દાન એકઠું કરી ૧૪ લાખના ખર્ચે આ મુક્તિધામ તૈયાર કર્યું હતું.

ધોરાજી, ઉપલેટા અને જામકંડોરણા તાલુકામાં તે સમયે જોવા ન મળે તેવું અંતિમધામ ભાયાવદરમાં એ સમયે બનાવવામાં આવ્યું હતું. પણ હાલ અત્યારે આ અંતિમધામ જાળવણીના લીધે મરણ પથારી ઉપર આવી ગયું છે. આથી ધતિંગ પંચા દોઢસોની જેમ ચાલતી ભાયાવદર નગર પાલિકા આ સ્મશાનના રિનોવેશન માટે કંઈક વિચારે તેવી લોકોમાંથી માગણી ઉઠી છે

**સિમેન્ટના બાંકડા તૂટી ગયા, ગેસની ભઠ્ઠી બંધ**

યોગ્ય જાળવણીના અભાવે લોકોને બેસવાની સિમેન્ટની બેઠકો ભાંગીને ભૂકો બની ગઈ છે. અને અંદર રહેલી ગેસની ભઠ્ઠી બંધ હાલતમાં જોવા મળે છે તેમજ જ્યાં જોવો ત્યાં ગંદકી ફેલાઈ ગઈ છે. અને અંતિમધામની ફરતી દીવાલ પડી ગયા બાદ તેને રીપેરીંગ કરવામાં નથી આવતી તેમજ મૃત્યુદેહ ને જ્યાં અગ્નિદાહ દેવામાં આવે છે તે બિલ્ડીંગની છતમાંથી ચાલુ ચિતાએ ઉપરથી કિલો બબે કિલો જેવડા સિમેન્ટના પોપડા અગ્નિદાહના ખાટલા ઉપર તેમજ આસપાસ માથે પડે છે. જેથી હવે એવું પણ બને કે અગ્નિદાહ વખતે અંદર રહેલા સાત થી દસ માણસોને ફરજિયાત હેલ્મેટ પહેરીને જ અંદર આવીને ચિતા જલાવવાથી માંડીને રાખ થાય ત્યાં સુધીનું કામ પતાવવું પડશે.ભાયાવરન નિ જંનતા એવું લાગણી છે કે ક્યારે રીપેરીંગ થાય એ પણ એક વિચારવાનો વિષય છે

## હળવદના કોઈબા ગામના પાટીયા પાસે ટ્રેઈલરે એસટી બસને ટક્કર મારતા બસ પલટી ખાઈ ગઈ, ૧૭ પેસેન્જર ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**



હળવદના કોઈબા ગામ નજીક સંતરામપુર થી મોરબી રૂટની એસટી બસને ટ્રક ટ્રેઈલરે ટક્કર મારતા એસટી બસ રોડ નીચે ઉતરી પલટી મારી ગયી હતી. રોડ અકસ્માતના આ બનાવમાં તાત્કાલિક સ્થાનિકો દ્વારા મદદે આવી એસટી બસમાં સવાર બસના ડ્રાઈવર સહીત તમામ પેસેન્જરોને હેમખેમ બહાર કાઢ્યા હતા. તમામ ઇજાગ્રસ્તોને હળવદ સરકારી દવાખાને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. તમામ પેસેન્જર તેમજ બસના ડ્રાઈવર કંડકટરને સામાન્ય મૂંઢ ઈજાઓ થઇ હતી. અકસ્માત સર્જી ટ્રક ટ્રેઈલર ચાલક પોતાનું વાહન લઇ ઘટના સ્થળેથી નાસી ગયો હતો.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર સંતરામપુર ડેપોની સંતરામપુરથી મોરબી રૂટની એસટી બસ રજી.નં. જીજે-૧૮-ઝેડ-૮૩૧૧ ગઈકાલ સવારે ૮ વાગ્યાના અરસામાં સંતરામપુરથી મોરબી જવા નીકળેલ હતી. ત્યારે સાંજના પાંચ વાગ્યાના સુમારે એસટી બસ હળવદના કોઈબા ગામના પાટીયા પાસેથી પસાર થતી હતી ત્યારે અચાનક ટ્રક ટ્રેઈલર રજી.નં. આરજે-૫૨-જીએ-૫૭૬૩ના ચાલકે પોતાના ટ્રેઈલરના ઠાઠાની ઠોકરે એસટી બસને ચડાવતા એસટી બસ રોડ સાઈડમાં ઉતારી જતા પલટી મારી ગયી હતી. બસ પલટી મારી જતા આજુબાજુમાંથી ઘણા લોકો આવી બસની અંદર રહેલા બધાને બહાર કાઢ્યા હતા. ત્યારે અકસ્માત સર્જી ટ્રક ટ્રેઈલર ચાલક પોતાના હવાલવાળું ટ્રક ટ્રેઈલર લઈને ઘટના સ્થળેથી હળવદ બાજુ નાસી ગયો હતો.

વધુમાં તમામ પેસેન્જર તથા બસના ડ્રાઈવર કન્ડક્ટરને ૧૦૮ મારફત હળવદ સરકારી હોસ્પિ.માં સારવારમાં લાવતા ડ્રાઈવર વેચાતભાઈને કપાળના ભાગે ઇજા થતા તેમને ટાકા આવેલ તથા પગના ભાગે મૂઢ ઈજાઓ થઇ હતી તથા એસટી બસમાં સવાર તમામ પેસેન્જર તથા કંડકટરને સામાન્ય મૂઢ ઈજાઓ થતા બધા પ્રાથમિક સારવાર લીધી હતી. ત્યારે એસટી બસના કંડક્ટર મનસુખભાઇ કાનાભાઇ ખાંટ ઉવ.૩૩ રહે. મહીસાગર જીલ્લાના રીંગણીયા ગામ એ આરોપી ટ્રક ટ્રેઈલરના ચાલક વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે ટ્રક ટ્રેઈલર ચાલક સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

## મુખ્યમંત્રી દ્વારા વિંછીયા ખાતે રૂ. ૧૮૧.૧૭ કરોડના ખર્ચે 'સૌની' યોજના લીંક-૪ તેમજ પેકેજ-૯ના તબકકા-૩ના કામોનું થશે ખાતમૂહૂર્ત

**તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેકટ 'સૌની' યોજનાના પહેલા અને બીજા તબક્કાના કામો પૂર્ણઃ તબક્કા-૩ હેઠળના કામો પૂર્ણતાના આરે**

**સૌરાષ્ટ્રના ૧૧૫ હયાત જળાશયો દ્વારા ૯૭૦ કરતા વધુ ગામોના ૮,૨૪,૮૭૨ એકર જેટલા વિસ્તારમાં પિયતના તથા પીવાના પાણીનો લાભ આપવાનું આયોજન**

**લીંક-૪ દ્વારા રાજકોટ જિલ્લાના ૪ તાલુકાના ૩૭ ગામોના ૧૫૫ ચેકડેમ, ૧૪ તળાવ અને ૭ જળાશયમાં કુલ ૪૪૩૫ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો ઠલવાયો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

-: સંકલન :- પારૂલ આડેસરા, સહાયક માહિતી નિયામક, માહિતી વિભાગ, રાજકોટ



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આગામી ૧૧ ફેબ્રુઆરીએ વીંછિયા ખાતે જેનું ખાતમુહૂર્ત કરવાના છે તે ''સૌની'' (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઇરીગેશન યોજના) યોજના લીંક-૪, તબક્કા-૩ અંતર્ગત રૂ. ૧૮૧.૧૭ કરોડના ખર્ચે વિંછીયા તાલુકાના આસલપુર ગામ પાસે ફીડર પમ્પીંગ સ્ટેશન બનાવીને પાણી ધારેઇ ગામ સુધી પહોંચાડવામાં આવશે. ધારેઇ ગામ પાસેથી બે અલગ-અલગ પાઇપલાઇન દ્વારા આલણસાગર અને આધિયા ડેમ સુધી પાણી પહોંચાડવામાં આવશે. જેથી અંદાજે ૨૩ જેટલા ગામોના ૪૫ હજારથી વધુ લોકોને આ યોજનાનો ફાયદો થશે. આસપાસના કુલ ૫૬૭૬ એકર વિસ્તારને સિંચાઈ અને પીવાના પાણી માટેની પર્યાપ્ત સુવિધા મળતા હરિયાળી સમૃદ્ધિના પગરણ થશે. આ કામની પાઇપલાઇનની પથરેખા વિંછીયા તાલુકાના આસલપુર, પીપરડી, રૂપાવટી, કંધેવાળીયા, કોટડા, જનડા, અમરાપુર, હિંગોળગઢ, ગુંદાળા, રેવાણીયા, ઓરી, જસદણ તાલુકાના કમળાપુર, દહિંસરા, ભાડલા, લીલાપુર, કડુકા, નાળીયેરી ટીંબો, બાખલવડ, હડમતિયાખાંડા તથા ચોટીલા તાલુકાના ધારેઇ, ઢોકળવા, ગોલીડા, વડાળી ગામોમાંથી પસાર થશે. જે પૈકી લીંક-૪ પેકેજ-૯ દ્વારા કુલ ૭૨.૮૫૬ કીલોમીટર લંબાઈના પાઇપલાઇન નેટવર્ક દ્વારા કુલ ૧૨ તળાવોને જોડવામાં આવશે.

**''સૌની'' યોજનાનો ઇતિહાસ...**

સૌરાષ્ટ્ર વિસ્તારમાં મહદ અંશે પથરાળ વિસ્તાર તેમજ ખૂબ જ ટૂંકી લંબાઈ ધરાવતી નદીઓ હોવાથી કોઈ પણ નદી બારેમાસ કુદરતી રીતે પાણીનું વહન કરતી નથી. સૌરાષ્ટ્ર વિસ્તારમાં થતા અનિયમિત વરસાદને લીધે પણ પાણીની અછત વર્તાય છે. આ સમસ્યાના નિવારણ માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તેમજ ભારતના હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વધુ ઉપલબ્ધિવાળા નદીના બેઝીનમાંથી ઓછી ઉપલબ્ધિવાળા સૌરાષ્ટ્રની નદીઓના બેઝીનમાં પાણી લાવી આ બેઝીનોના આંતરજોડાણ થકી પાણી અછતને પહોંચી વળવાનું આયોજન વિચાર્યું હતું. જે મુજબ તજજ્ઞોની ટીમે કરેલા સર્વેક્ષણ મુજબ નર્મદાના પુરના વધારાના વહી જતા પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણી (૪૩૫૦૦ મીલીયન ઘન ફુટ) સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવી શકાય તેમ હતું. જેના આધારે નસ્ત્રસૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઇરીગેશન યોજના (''સૌની'')નુ આયોજન કરવામાં આવ્યું. જે મુજબ સરદાર સરોવર ડેમમાંથી સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૧ મીલીયન એકર ફીટ પાણી પહોંચાડવાનો સંકલ્પ લઇ તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ ''સૌની'' યોજનાની શિલાન્યાસ વિધિ સંપન્ન કરી હતી.

''સૌની'' યોજના અંતર્ગત ૪ (ચાર) લીન્ક પાઇપલાઇન મારફત સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ ૧૧૫ જળાશયોમાં પાણી સંગ્રહીત કરવાના ભાગરૂપે લીન્ક- ૪ દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ભોગાવો-૨ જળાશયથી ગીર સોમનાથ જિલ્લાના હીરણ-૨ જળાશય સુધી પાણી પહોંચાડવાનું આયોજન કરાયું છે. જયોર પહેલા અને બીજા તબક્કાના કામો પૂર્ણ થઇ ચુકયા છે. અને ત્રીજા તબક્કાના કામો પૂર્ણતાના આરે છે. ''સૌની'' યોજના લીંક-૪ દ્વારા વર્ષ-૨૦૨૦ થી ૨૦૨૪ દરમ્યાન રાજકોટ જિલ્લાના જસદણ, વિંછીયા, ગોંડલ અને કોટડાસાંગાણી તાલુકાના ૩૭ ગામોના ૧૫૫ ચેકડેમ, ૧૪ તળાવ અને ૦૭ જળાશયમાં કુલ ૪૪૩૫ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો ઠાલવવામાં આવ્યો છે. આ આયોજનના ભાગરૂપે નર્મદાના એક મીલીયન એકર ફીટ પાણી (૪૩૫૦૦ મીલીયન ઘન ફુટ)ની સૌરાષ્ટ્ર વિસ્તારને ફાળવણી કરાઇ છે. જેનાથી ૧૧૫ હયાત જળાશયો મારફતે ૯૭૦ કરતા વધુ ગામોના ૮,૨૪,૮૭૨ એકર જેટલા વિસ્તારમાં પિયતનો તથા પીવાના પાણીનો લાભ આપવામાં આવશે.

પહેલા તબક્કાનું કામ એપ્રિલ-૧૪ માં શરૂ કરવામાં આવ્યુ હતું. જેનાથી ૧૬ જળાશયો દ્વારા આશરે ૧,૬૬,૦૦૫ એકરમાં સિંચાઈ સુવિધા, ૪ શહેરી વિસ્તાર અને ૪૯૦ ગામોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થયેલ છે.

બીજા તબક્કામાં ૧૨ પેકેજોની મુખ્ય પાઇપલાઇનની કામગીરી પૂર્ણ થયેલ છે. જે મુજબ રાજકોટની જીવાદોરી સમાન આજી-૧ જળાશયમાં વર્ષ-૨૦૧૭થી 'સૌની' યોજનાનું પાણી ભરવામાં આવે છે. જેનાં કારણે રાજકોટ જિલ્લાના ન્યારી-૧, આજી-૧, વેરી અને ભાદર-૧. જામનગર જિલ્લાના રણજીતસાગર અને ભાવનગર જિલ્લાના માલપરા, કાળુભાર અને શેત્રુંજી જળાશયોમાં પાણી પહોંચાડવામાં આવી રહયું છે. તથા સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાના ૫૭ જળાશયોમાં નર્મદાના નીરથી ૩,૭૭,૮૫૧ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા તથા ઘરગથ્થુ વપરાશ માટે ૮૦ લાખની વસ્તીને પાણી ઉપલબ્ધ થયેલ છે.

ત્રીજા તબક્કામાં બાકી રહેતા કુલ ૪૨ જળાશયોને જોડવાની કામગીરી અન્વયે ભાવનગર શહેરના બોર તળાવમાં વર્ષ-૨૦૨૧થી નર્મદાના પાણી ભરાયા છે. ત્રીજા તબક્કાની કામગીરીથી સૌરાષ્ટ્ર વિસ્તારના ૯ જિલ્લાના ૩૭ જળાશયો મારફતે ૨,૪૩,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદૃઢ થશે. નસ્ત્રસૌનીથથ યોજના લીંક-૧ દ્વારા રાજકોટ, મોરબી, જામનગર તથા દેવભૂમી દ્વારકા જીલ્લાના ૨૮ જળાશયોને, લીંક-૨ દ્વારા ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદ તથા અમરેલી જીલ્લાના ૧૯ જળાશયોને, લીંક-૩ દ્વારા સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, જામનગર, પોરબંદર તથા દેવભૂમી દ્વારકા જીલ્લાના ૨૧ જળાશયોને અને લીંક-૪ દ્વારા સુરેન્દ્રનગર, બોટાદ, રાજકોટ, જુનાગઢ, પોરબંદર, ગીર- સોમનાથ તથા અમરેલી જીલ્લાના ૨૦ જળાશયોમાં નર્મદાના પાણી આપવામાં આવેલ છે.

'સૌની' યોજના મારફત વર્ષ જાન્યુઆરી - ૨૦૨૪ સુધીમાં ૮૫ જળાશયો, નસ્ત્રસૌનીથથ યોજના સિવાયના ૧૦ (વેરી, ચીભડા, ગોમા, દેવધરી, વડીયા, કરીઆણા, કાનીયાડ, કૃષ્ણસાગર, ચાંચકા અને વાંસલ) જળાશયો અને બોટાદ બ્રાંચ કેનાલ દ્વારા ૨ (ગોમાં અને સુખભાદર) જળાશય ભરવામાં આવેલ છે, સાથે ૧૭૦ તળાવો અને ૧૩૩૦ ચેકડેમોમાં આશરે ૮૮,૭૫૬.૦૦ મીલીયન ઘનફૂટ નર્મદાના નીર ભરવામાં આવેલ છે.

# માધાપર ચોકડી પાસે અજાણ્યા વાહનની ઠોકરે વેપારી પ્રૌઢનું કરૂણ મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

માધાપરથી બેડી ગામ જવાના ઓવરબ્રિજ પર હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો જેમાં અજાણ્યો વાહન ચાલક એકટીવાને હડફેટે લઈ ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા ગાંધીગ્રામની મહાવીર સોસાયટીમાં રહેતા સસ્તા અનાજના વેપારીનું આ અકસ્માતમાં મોત થયું હતું.






માધાપરથી બેડી ગામ જવાના રસ્તે અજાણ્યા વાહને એકટીવા નંબર જીજે03JD-5117ને હડફેટે લેતા ગંભીર રીતે ઘવાયેલા એક્ટીવા ચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. બનાવની જાણ થતાં પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો


તપાસ કરતાં અકસ્માતમાં મૃત્યુ પામનાર રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા મહાવીર નગર-૨ માં રહેતા અને બેડીમાં સસ્તા અનાજની દુકાન ચલાવતા શક્તિસિંહ ઉર્ફે સતુભા ઉમેદસિંહ ઝાલા (ઉ.વ.૫૬) હોવાનું ખૂલ્યું હતું. પ્રૌઢને બેડીમાં આવેલી સસ્તા અનાજની પોતાની દુકાનેથી ઘરે જતા હતા દરમિયાન અકસ્માતનો બનાવ બન્યો હતો. અકસ્માતમાં મોતને ભેટનાર પ્રૌઢને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. વાહન ચાલક અકસ્માત સર્જી નાસી ગયો હોય તેની ઓળખ માટે પોલીસે તપાસ હાથ ધરી છે.

# પાર્ટી પ્લોટ, હોટલના પાર્કિંગમાં કારના કાચ તોડી ચોરી કરતો ગોંડલનો કુખ્યાત તસ્કર ઝડપાયો

## તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે કટારિયા ચોકડી પાસેથી દબોચી લઈ ચોરાઉ દાગીના કબ્જે કર્યાઃ ૧૦૦થી વધુ સ્થળોએ ચોરી કર્યાની તસ્કરની કબુલાત

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં મવડી રોડ પર શ્યામ પાર્ટી પ્લોટમાં કારના કાચ તોડી રોકડ અને દાગીના મળી કુલ રૂ. ૧.૧૬ લાખની તસ્કર ચોરી કરી ગયાની ફરીયાદના આધારે તાલુકા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બાતમીદારોની મદદથી ગોંડલના કુખ્યાત તસ્કરને ઝડપી લઈ પુછતાછ કરતા તે કાર અને બાઈક લઈને ચોરી કરવા નિકળતો હોય અને અઢી માસ દરમ્યાન ૧૦૦ થી વધુ કારના કાચ તોડી ચોરી કરતો હોવાનુ રટણ કરતા પોલીસે સાત ગુના નોંધાયા હોય ચોરીમાં ભોગ બનનાર લોકોને ફરીયાદ કરવા પોલીસે અપીલ કરી વધુ ચોરીના ભેદ ઉકેલવા કરી હતી.




મથામણ શાપર-વેરાવળ ખાતે રહેતા અને ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા પ્રશાંતભાઈ મુકેશભાઈ કોરાટ એ તાલુકા પોલીસમાં ફરીયાદ કરી હતી જેમા ગત તા.૨૬ના રોજ મવડી રોડ પર શ્યામ પાર્ટી પ્લોટમાં સંબધીના લગ્ન પ્રસંગમાં ગયા હતા ત્યારે તેની કારના કાચ તોડી તસ્કર સોનાનુ કડુ,સોનાની માળા અને રૂ.૧૨ હજારની રોકડ ભરેલ પર્સની ચોરી કરી ગયાનુ જણાવતા પોલીસે ગુનો (ઊંગ્૭ડ તપાસ હાથ ધરી હતી તે દરમ્યાન કારના કાચ તોડી ચોરી કરતો શખસ ૧૫૦ ફુટ રોડ પર આવતો હોવાની માહીતીને આધારે પીઆઈ વી.આર. પટેલ સહીતના સ્ટાફે વોચ ગોઠવી શંકાસ્પદ બાઈક સ્વારને અટકાવી તેની પુછતાછ કરતા તે મુળ સુરેન્દ્રનગરના નોલી ગામનો અને હાલ ગોંડલ આશાપુરા રોડ પર ભાડે રહેતો ધરમ જસવંતભાઈ ધાંધીયા હોવાનુ જણાવતા તેની તલાસી લેતા તેની પાસેથી સોનાનુ કડુ,માળા,પેન્ડલ મળી આવતા પાલીસે તેની અટકાયત કરી આકરી પુછતાછ કરતા તેને છેલ્લા અઢી માસમાં રાજકોટમાં ૧૦૦થી વધુ કારના કાચ તોડી ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે તેની ધરપકડ કરી વધુ ચોરીના ભેદ ઉકેલવા અને વધુ મુદામાલ કબજે કરવા કાર્યવાહી કરી હતી.

# ધોરાજીમાં નશાયુક્ત શીરપના જથ્થા સાથે એક શખ્સને દબોચી લેતી રૂરલ એસઓજી

મુખ્ય સમાચાર રાજકોટ

ધોરાજીમાં આઝાદ સોડાની નામની દુકાનની બાજુમાં નશાયુક્ત શીરપનું એક શખ્સ વેંચાણ કરતો હોવાની હકીક્ત મળતા રૂરલ એસઓજીના ઈન્ચાર્જ પીઆઈ બી.સી.મીયાત્રા, એએસઆઈ અતુલભાઈ, સંજયભાઈ, હેડ કોન્સ્ટેબલ જયવીરસિંહ સહિતના સ્ટાફે ઉપરોક્ત સ્થળે ધોરાજીમાં વોકળાના કાંઠે આઝાદ સોડાની બાજુમાં રહેતો શફી સલીમ ઢીબ નામના મેમણ શખ્સના રહેણાંક મકાનમાં દરોડો પાડતા નશાકારક શીરપ(કોર્ટીન)ની બોટલ નંગ ૩૮ મળી આવતા પોલીસે આ શખ્સની અટકાયત કરી મોબાઈલ સહિત રૂ.૧૧૬૫૦નો મુમાલ કબજે ર્ક્યો હતો.



# ગોંડલના જામવાડી જીઆઈડીસીમાં ટ્રક પર તાલપત્રી બાંધતી વેળાએ પટકાતા પ્રૌઢનું મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

ગોંડલના જામવાડી જીઆઈડીસીમાં બે દિવસ પેહલા ટ્રક પર તાલપત્રી બાંધતા વેળાએ પડી પડી જતાં ઘાયલ થયેલા પ્રોઢનું રાજકોટ સિવિલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.આ અંગેની માહિતી મુજબ મૂળ આંધ્રપ્રદેશના મનીબાબુ મસ્તાનરાવ કોલા (ઉ.વ ૫૪) ગત ૨ ફેબ્રુઆરીનાં રોજ ગોંડલની જામવાડી જીઆઈડીસીમાં ટ્રક પર તાલપત્રી બાંધતા સમયે પડી પડી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.તેઓને તાકીદે ગોંડલ સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ બીડવિઝન પોલીસ મથકને જાણ કરી હતી. પોલીસે મૃતકનું પીએમ કરાવી તેના વતનમાં સગાને જાણ કરી હતી વધુમાં મૃતક ટ્રક કિલીન્ડર તરીકે કામ કરતો હતો.અને ગોંડલ ટ્રાન્સપોર્ટનો માલ લઈ આવ્યો હતો તેવી વિગત સામે આવી છે.

# કિશન પાર્ક, જયરાજ પાર્ક અને બજરંગવાડીમાં મહિલા સહિત ત્રણનું હૃદય ધબકારા ચુકી ગયું

મુખ્ય સમાચાર રાજકોટ

રાજકોટ શહેરમાં તથા ગુજરાતમાં હાર્ટએટેક ના બનાવો નું પ્રમાણ વધ્યું છે ત્યારે રાજકોટમાં ઉમિયા ચોક પાસે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રાધે હોટલ પાસે કિશન પાર્કમાં રહેતી શીલાબેન રશ્મીનભાઈ સોમૈયા (ઉ.વ.૪૮)નામની મહિલા ગઈકાલે સાંજે પોતાના ઘરે બેભાન થઈ જતા સારવારમાં ખસેડવામાં આવતા તબીબોએ મૃતક જાહેર કરી હતી. જ્યારે અન્ય બનાવમાં કોઠારીયા રોડ પર આવેલ જયરામ પાર્કમાં રહેતા હસમુખભાઈ જેરામભાઈ સિધ્ધપુરા(ઉ.વ.૫૭)નામના પ્રૌઢ ગઈકાલે સાંજે ૬ વાગ્યે ઘર પાસે આવેલ પાનની દુકાને બીડી લેવા ગયા હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેનું મોત નિપજ્યું હતું. જ્યારે જામનગર રોડ પર બજરંગવાડી પાસે આવેલ સંજયનગરમાં રહેતા યાકુબભાઈ સત્તારભાઈ કાસવાણી નામના વૃધ્ધ બપોરે પ્રેસ કોલોનીમાં આવેલ હનુમાન મંદિર પાસે બેભાન થઈ જતા સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તબીબોએ મૃતક જાહેર ર્ક્યા હતા.

# ભોજલરામ માર્ગ પર રહેતા વૃધ્ધા દીવાધુપ કરતી વેળાએ દાઝી જતા સારવારમાં મોત

## ભારતનગરમાં યુવાન અને ઘંટેશ્વર પાર્કમાં મહિલાએ ઝેરના પારખા કર્યાઃ સારવારમાં

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં ભોજલરામ માર્ગ ઉપર રહેતા વૃદ્ધા દીવાધૂપ કરતી વખતે દાઝી ગયેલા વૃદ્ધાનો જીવનદીપ બુઝાતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ ઉપર ભોજલરામ માર્ગ ઉપર રહેતા જશવંતીબેન ગોપાલભાઈ નામના ૬૫ વર્ષના વૃદ્ધા પોતાના ઘરે પૂજા અર્ચના અને દિવાધુપ કરતા હતા ત્યારે અકસ્માતે દાઝી ગયા હતા વૃદ્ધાનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

અન્ય બનાવમાં આજીડેમ ચોકડી પાસે આવેલા ભારતનગરમાં રહેતા દીપક ડાયાભાઈ વાઘેલા નામના ૨૬ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણસર પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું જ્યારે બીજા બનાવમાં ઘંટેશ્વર પાર્ક સામે ત્રિમૂર્તિ એપાર્ટમેન્ટમાં રહેતી મમતાબેન વિજયસિંહ ડોડીયા નામની ૩૭ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે બારેક વાગ્યાના અરસામાં અકળ કારણસર એસિડ પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જલ્યાણ પાર્કમાં વૃધ્ધના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો રૂા.૨.૯૫ લાખની મતા ઉઠાવી ગયા

## પરિવાર બિમાર માતાની ખબર પુછવા રાજસ્થાન ગયા અને તસ્કરો કળા કરી ગયા

મુખ્ય સમાચાર, રાજકોટ

બજરંગવાડી વિસ્તારમાં આવેલા જલ્યાણ પાર્કમાં રહેતો રાજસ્થાની પરિવાર બીમાર માતાની ખબર પૂછવા રાજસ્થાન ગયો હતો ત્યારે તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂ.૨,૯૫,૨૦૦ના મુદ્દામાલની ચોરી કરી હોવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાતા ચકચાર માચી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં બજરંગવાડી વિસ્તારમાં આવેલા જલ્યાણ પાર્કમાં રહેતા જયંતીલાલ કેશવલાલ શર્મા નામના ૬૫ વર્ષના વૃદ્ધે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે તેઓ મૂળ રાજસ્થાનના વતની છે અને હાલ જલ્યાણ પાર્કમાં રહે છે રાજસ્થાનમાં રહેતા માતાની તબિયત નાજુક હોવાથી જયંતીલાલ શર્મા પરિવાર સાથે રાજસ્થાન ગયા હતા અને પોતાના ઘરની ચાવી પાડોશમાં રહેતા ગંભીરસિંહ જાડેજાને આપી હતી. માતાની ખબર પૂછવા ગયેલા જયંતીલાલ શર્માને પાડોશી ગંભીરસિંહ જાડેજાએ ફોન કરી તમારા ઘરના તાળા તૂટ્યા હોવાની જાણ કરી હતી જાણે થતા જ જયંતીલાલ શર્મા રાજકોટ આવ્યા હતા અને આ અંગે પોલીસને જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો પોલીસ તપાસમાં અજાણ્યા શખ્સોએ જયંતીલાલ શર્માના ઘરનું તાળું તોડી ઘરમાં રહેલા કબાટના લોક તોડી તેમાં રાખેલા રૂ.૨,૮૦,૨૦૦ કિંમતના સોના ચાંદીના દાગીના અને રોકડ રૂ.૧૫ હજાર મળી કુલ રૂ.૨.૯૫,૨૦૦ની માલમતાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું આ અંગે જયંતીલાલ શર્માએ બંધ મકાનને નિશાન બનાવી ચોરી કરનાર શખ્સો વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદના આધારે ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ એમ.જી. વસાવા સહિતના સ્ટાફે તસ્કરોનું પગેરું મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સાંઈબાબા સર્કલ પાસે બાઈક પર થેલો રાખી લઘુશંકા કરવા ગયેલા યુવાનના થેલાની ઉઠાંતરી

મુખ્ય સમાચાર, રાજકોટ

કોઠારીયા રોડ પર સાંઇબાબા સર્કલ પાસે બાઈકમાં થેલો રાખી નજીકમાં લઘુશંકા કરવા ગયેલા પેટીએમ કંપનીના સેલ્સ એક્ઝિક્યુટીવ નો રૂ.૩૪ હજારની રોકડ અને પેટીએમના ચાર બંધ મશીન સાથેનો થેલો કોઈ ચોરી જતાં આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

કાલાવડ રોડ પર એ.જી. સોસાયટી શેરી નંબર ૬ બ્લોક નંબર ૬૯ માં રહેતા મનદીપસિંહ મયુરસિંહ જાડેજા (ઉ.વ ૩૦) પેટીએમ કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટીવ તરીકે નોકરી કરે છે. મનદીપસિહે યુનિવર્સિટી રોડ પર મનપપુરમ ગોલ્ડ લોન ઓફિસમાંથી સોના ધિરાણ ઉપર ૬૪,૦૦૦ની લોન લીધી હોય જેમાંથી રૂા.૩૦,૦૦૦ પત્નીને આપ્યા હતા અને બાકીના રૂપિયા ૩૪ હજાર મિત્રને આપવાના હોવાથી થેલામાં રાખ્યા હતા બાદમાં તે કંપનીના આ મશીન લઈ વેચાણ માટે શહેરમાં અલગ-અલગ જગ્યાએ નીકળ્યા હતા.

દરમિયાન રાત્રીના આઠેક વાગ્યે આસપાસ કોઠારીયા રોડ પર સાઈબાબા સર્કલથી આગળ માલધારી ફાટક તરફ જતા રોડ પર થેલો પોતાના બાઈક પર રાખ્યો હતો અને તે અહીં રોડની સાઈડમાં લઘુશંકા કરવા ગયા બાદ પરત આવતા બાઈકમાં રાખેલો થયેલો કોઈ ઊઠવી ગયું હતું. મનદીપસિહે આસપાસ તપાસ કરી હતી પરંતુ થેલાનો કોઈ પત્તો લાગ્યો ન હતો જેથી તેણે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# જસદણના કાળાસર ગામે રૂ.૯૦ હજારનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયોઃબે શખ્સોની શોધખોળ

મુખ્ય સમાચાર રાજકોટ

જસદણ તાલુકાના કાળાસર ગામે રહેતો લલીત અને વિશાલ નામના બેભાઈઓએ દારૂનો જથ્થો મંગાવ્યો હોવાની હકીક્તના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડી રૂ.૯૦ હજારની મુમાલ કબજે કરી બંનેની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ જસદણ પોલીસના એએસઆઈ બી.એચ.માલીવાણ તથા હેડ કોન્સ્ટેબલ પ્રણવભાઈ સહિતનો સ્ટાફ ગ્રામ્યવિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કાળાસર ગામે શીવરાજપુર જવાના કાચા રસ્તે રહેતો લલીત ઉર્ફે સાંગો સામજી વસાણી અને વિશાલ સામજી વસાણી નામના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની ૧૬૪ બોટલ કિંમત રૂ.૮૦૪૦૦ તથા ચપલા નંગ ૪૮ તથા બિયરના ટીન નંગ ૪૮ સહિત કુલ રૂ.૯૦હજારનો દારૂ-બિયરનો જથ્થો મળી આવતા પોલીસે મુમાલ કબજે કરી લલીત અને વિશાલ નામના બંને શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# મુંજકા ગામે આઠ વર્ષની માસુમ બાળાને પીંખી નાંખનાર નરાધમને અંતિમ શ્વાસ સુધીની સજા

## સ્પેશ્યલ પોકસો કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી સજા ફટકારી રૂા.૨૦ હજારના દંડનો હુકમ કર્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટના મુંજકા વિસ્તારમાં રહેતા એક પરિવારની આંઠ વર્ષની દીકરીને અવાવરૂ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરવાના ગુનામાં પકડાયેલ પરપ્રાંતીય શખસ સામેનો કેસ ચાલી જતા સ્પેશ્યલ પોક્સો કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી જીવનના અંતિમ શ્વાસ સુધી જેલવાસની સજા અને ૨૦ હજારના દંડનો હુકમ કર્યો છે.



આ કેસની વિગતો એવી છે કે કાલાવડ રોડ ઉપર મુંજકા ગામે રહેતા મૂળ મહારાષ્ટ્રના વતની કિશોર કેશવ તાવડે નામના શખસે ૮ વર્ષની બાળાને કોઈ લાલચ આપી ઘર નજીક અવાવરું જગ્યાએ જર્જરિત મકાનમાં લઈ જઈ હવસનો શિકાર બનાવી દુષ્કર્મ આચર્યું હતું આ બનાવમાં યુનીવર્સીટી પોલીસે પોકસો, અપહરણ, દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધી આરોપીની ધરપકડ કરી કોર્ટમાં ચાર્જશીટ કરી હતી દરમિયાન કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષોની દલીલો, ફરિયાદી, ભોગ બનનાર, સાહેદો, તબીબ, તપાસનીશને તપાસમાં આવેલ સરકાર પક્ષે રજૂઆત કરી હતી કે આરોપી પરણિત છે અને જો આવા ગંભીર ગુનામાં માફ કરવામાં આવે તો સમાજમાં દુષ્કૃત્યના બનાવોમાં વધારો થશે તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદા દલીલમાં આવરી લેવામાં આવતા સ્પેશ્યલ પોક્સો કોર્ટના અધિક સેસન્સ જજ બી બી જાદવએ આરોપી કેશ્ડ તાવડેને જીવે ત્યાં સુધી જેલવાસ અને ૨૦ હજારનો દંડ અને દંડ ન ભરે તો વધુ ૩ માસની સજાનો હુકમ કર્યો છે.

# ગઢકા ગામે કારખાનામાં ઝેરી દવા પી લેનાર પ્રૌઢનું સારવારમાં મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં રહેતા અને ગઢકામાં કારખાનું ધરાવતા કારખાનેદારે આજથી પાંચ દિવસ પહેલા ઝેરી દવા ગટગટાવી લેતા રાજકોટની ખાનગી હોસ્પિટલમા સારવાર મોત થયું હતું. આધેડના મોતથી પતિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેના માહિતી મુજબ શ્રદ્ધા પાર્ક ૫ નહેરુનગર ની બાજુમાં આહીર ચોક વિસ્તારમાં રહેતા મેઘજીભાઈ પરસોત્તમભાઈ સોજીત્રા નામના ૫૪ વર્ષના કારખાનેદારે આર. કે. કોલેજ પાસે આવેલ તેમની ફાઉન્ડરી નજીક ગઈ તારીખ ૧ ના રોજ ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ મેઘજીભાઈએ પોતાના પુત્ર રોનકને ફોન કર્યો હતો કે બેટા મેં દવા પી લીધી છે. આ સિવાય બીજું કશું બોલ્યા ન હતા. પિતાના આવા ફોનથી ગભરાયેલા પુત્ર રોનક એ પરિવારજનો સાથે ગઢકા પહોંચ્યા હતા. ત્યાંથી તેમના પિતા બેભાન હાલતમાં મળ્યા હતા. આ સમયે તાત્કાલિક તેઓને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા પાંચ દિવસની સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ખાતેથી આજીડેમ પોલીસ ને જાણ કરાતા પોલીસે મૃતકની પીએમ વિધિ કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે મૃતક ને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. તેમજ ત્રણ ભાઈઓને એક બહેનમાં નાના હતા. ત્રણ સંતાનોએ અચાનક પિતાની છત્રછાયા ગુમાવતા સોજીત્રા પરિવારમાં શોક છવાયો છે. બનાવનું કારણ જાણવા આજીડેમ પોલીસે ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભવાનીનગરમાં ત્રણ લાખનું દેવુ થઈ જતા રિક્ષાચાલકનો આપઘાતનો પ્રયાસ

## પ્રહલાદ પ્લોટમાં ધંધામાં નુકસાન થતા યુવાને ફીનાઈલ ગટગટાવ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં રામનાથપરા વિસ્તારમાં આવેલા ભવાનીનગરમાં રહેતા પ્રોઢે દેવું વધી જતા ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ રામનાથપરા વિસ્તારમાં આવેલા ભવાનીનગરમાં રહેતા રજાક મહમદભાઈ પીપળવાડીયા નામના ૪૫ વર્ષના પ્રૌઢ સાંજના પાંચેક હતા ત્યારે ફિનાઈલ પી લીધું હતું. પ્રૌઢને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક રઝાકભાઈને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે રજાકભાઈ પીપળવાડીયા ત્રણ ભાઈ એક બહેનમાં નાના અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે તેમના ઉપર ત્રણ લાખનું દેવું થઈ જતા ફિનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. બનાવમાં પ્રહલાદ પ્લોટમાં રહેતા અને કોસ્મેટિકની આઈટમનો ભાગીદારીમાં ઓનલાઈન વેપાર કરતા શિવમ વિજયભાઈ મજેઠીયા નામના ૩૪ વર્ષના યુવકને ધંધામાં નુકસાન જતા લાગી આવ્યું હતું અને યુવાને ફિનાઈલ પી લીધું હતું. યુવકની તબિયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પૂજારા પ્લોટમાં પ્રેમ લગ્ન કરનાર દિલ્હીની મહિલાને નશામાં ધુત પતિએ મારમારતા ઘર છોડયું

મુખ્ય સમાચાર, રાજકોટ

પુજારા પ્લોટમાં રહેતા યુવક સાથે પ્રેમલગ્ન કરનાર દિલ્હીની પરિણીત પ્રેમિકાને પતિએ માર મારતા પરિણીતાએ પુત્ર સાથે દિલ્હીની વાટ પકડી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ પુજારા પ્લોટમાં રહેતી મિતુબેન ચિંતનભાઈ ઠાકર નામની ૪૦ વર્ષની પરિણીતા રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતી ત્યારે પતિ ચિંતન ઠાકરે ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. મિતુબેન ઠાકરને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી

હતી. પ્રાથમિક પૂછપરછમાં મિતુબેન ઠાકર અમદાવાદની એક હોટલમાં નોકરી કરતી હતી ત્યારે ચિંતન ઠાકર સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો અને બાદમાં મિતુબેને દિલ્હી સ્થિત પતિને છૂટાછેડા આપી પોતાના પુત્ર સાથે રાજકોટમાં આવી ચિંતન ઠાકર સાથે પ્રેમલગ્ન કરી લીધા હતા અને બાદમાં ગઈકાલે ચિંતન ઠાકરે દારૂના નશામાં માર મારતા મિતલબેન ઠાકરે સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લઇ દિલ્હી રહેતા માવતરે જવા રવાના થઈ હતી.

# ચોટીલાના નવાગામમાં જેઠ સાથે આડા સંબંધની શંકાએ સગર્ભાને જેઠાણી સહિતના શખ્સોએ ધોકાવી

મુખ્ય સમાચાર, જસદણ

જસદણાના રામોલીયા ગામે રહેતી પરિણીતા ચોટીલાના નવાગામમાં પિતાના ઘરે આટો મારવા ગઈ હતી ત્યારે જેઠાણી સહિતના શખ્સો ત્યાં પહોંચ્યા હતા અને પતિ સાથે આડા સંબંધ ધરાવતી હોવાની શંકાએ જેઠાણી સહિતના શખ્સોએ દેરાણી ઉપર હુમલો કરી માર માર્યો હતો સગર્ભાને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ જસદણના રામોલિયા ગામે રહેતી કોમલબેન હાદિકભાઈ મકવાણા નામની ૨૪ વર્ષની પરિણીતા ચોટીલાના નવાગામે રહેતા પિતા પ્રવીણભાઈ મંગાભાઈ રાઠોડના ઘેર હતી ત્યારે બપોરના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં જેઠાણી જાગૃતીબેન અનિલભાઈ મકવાણા સહિતના શખ્સોએ ઝઘડો કરી માર માર્યો હતો પરિણીતાને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી પ્રાથમિક પૂછપરછમાં કોમલબેન મકવાણાના દોઢ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા. અને હાલ ચાર માસનો ગર્ભ છે. બે મહિનાથી માવતરના ઘેર રોકાવા માટે આવી છે તેની જેઠાણી સહિતના શખ્સોએ આવી તું મારા પતિ સાથે કેમ વાતો કરે છે તેવી શંકા કરી માર માર્યો હોવાની કોમલબેન મકવાણાએ આક્ષેપ કર્યો છે. આક્ષેપના પગલે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.